## હું પણ વાત કરતો હતો



સ્વામી વિવેકાનંદનું મૂળ નામ શું ?

નરેન્દ્ર. સૌ તેમને ‘નરેન’ કહેતા.

નરેન શાળામાં ભણતો હતો.

એક દિવસની વાત છે.

શિક્ષક વર્ગમાં કશું ભણાવતા હતા.

તે વખતે નરેન અને તેના દોસ્તદારો શું કરતા હતા ?

તેઓ બધા અંદરોઅંદર કશી વાતની ગુસપુસ કરતા હતા.

શિક્ષકનું એ તરફ ધ્યાન ગયું.

શિક્ષકે એ બધાને ઊભા કર્યા.

શિક્ષકે પોતે શું ભણાવતા હતા એ વિશે સવાલો પૂછવા માંડ્યા.

શિક્ષકે પોતે શું ભણાવતા હતા એ તરફ તે વિદ્યાર્થીઓનું જરાયે ધ્યાન ન હતું.

હવે શું થાય ?

તેઓ કશો જવાબ આપી શક્યા નહિ.

બધા મૂંગા મૂંગા ઊભા રહ્યા.

છેવટે નરેનનો વારો આવ્યો.

શિક્ષકે નરેનને પણ કેટલાક સવાલો પૂછયા.

તેણે શિક્ષકે જે સવાલો પૂછયા એના બરોબર જવાબ આપ્યા !

એનું કારણ શું ?

નરેન એના ગોઠિયાઓની વાતો તરફ ધ્યાન આપતો હતો

સાથોસાથ શિક્ષકે શું ભણાવતા હતા એ તરફ પણ ધ્યાન આપતો હતો.

એટલે નરેને બરોબર જવાબ આપ્યા.

નરેનના સાચા જવાબો સાંભળીને શિક્ષકે તેને બેસી જવા કહ્યું.

બાકીના વિદ્યાર્થીઓને વર્ગમાં ઊભા રહેવાની સજા કરી.

પણ આ શું ?

નરેન પણ ઊભો જ રહ્યો !

એ જોઈને શિક્ષકે કહ્યું :

’અલ્યા નરેન, તેં તો બધા સવાલોના જવાબ બરોબર આપ્યા છે.

’પછી તું શા માટે ઊભો રહે છે ?

'બેસી જા.

'આ બધા ભલે ઊભા રહે.'

નરેને અદબથી કહ્યું :

'ગુરુજી, વર્ગમાં હું પણ આ બધાની સાથે વાતો કરતો હતો.

'માટે મારે પણ ઊભા રહેવું જોઈએ.

'મારો પણ વાંક હતો જ.

'માટે મને સજા થવી જ જોઈએ.'

એમ કહીને નરેન પેલા ગોઠિયાઓ સાથે ઊભો રહ્યો.

વાર્તા: સમગ્ર વિકાસ અભ્યાસક્રમ, ભાષાપોથી-૪